મુખ્ય સેવિકાને પાત્રતા તારીખથી પ્રથમ
ઉચ્ચત્તર પગાર ધોરણ મંજૂર કરવા બાબત

ગુજરાત સરકાર
મહિલા અને બાળ વિકાસ વિભાગ
હુકમ ક્ર: WCDD/AMR/e-file/23/2023/1232/B1
સચિવાલય, ગાંધીનગર.

વંચાણે લીધા :

1. નાણા વિભાગના ઠરાવ ક્રમાંક: પગર/૧૧૯૪/૪૪/મ,તા.૧૬/૮/૧૯૯૪
2. નાણા વિભાગના ઠરાવ ક્રમાંક: પગર/૧૦૯૮/૪૧/મ, તા.૧૪/૮/૧૯૯૮
3. નાણા વિભાગના ઠરાવ ક્રમાંક:પગર/૧૦૨૦૦૭/૬૧૫/મ,તા.૨/૭/૨૦૦૭
4. નાણા વિભાગના ઠરાવ ક્રમાંક: પગર/૧૦૨૦૧૬/યુઓ/૧૨૧/(૨૨)/પ.એ., તા.૦૧/૦૧/૨૦૧૯
5. મુખ્ય સેવિકાના પ્રથમ ઉચ્ચતર પગાર ધોરણ મંજૂર માટે મળેલ સમિતિની તા.૧૮/૦૭/૨૦૨૨ની કાર્યવાહી નોંધ.
6. નિયામકશ્રી, આઇ.સી.ડી.એસ. કચેરીનો પત્ર ક્ર: મકમ-૫/આઇ.સી.ડી.એસ./મુ.સે.ની સેવાકીય વિગતોની ચકાસણી/ઉ.પ.ધો./૨૦૨૩

//હુકમ//

વંચાણે લીધા (૧) થી (૪) પરના નાણા વિભાગના ઠરાવની જોગવાઇઓ અનુસાર નિયામકશ્રી (ICDS)ની કચેરી દ્વારા કરેલ દરખાસ્ત અનુસાર મુખ્ય સેવિકાઓને મળવાપાત્ર પ્રથમ ઉચ્ચતર પગાર ધોરણ મંજૂર કરવાની બાબત વિચારણા હેઠળ હતી. પુખ્ત વિચારણાના અંતે નીચે મુજબની વિગતોએ તત્કાલીન મુખ્ય સેવિકાઓનું પ્રથમ ઉચ્ચતર પગાર મંજૂર કરવામાં આવે છે:

૨ નીચે મુજબના તત્કાલીન મુખ્યસેવિકાઓએ પ્રથમ ઉચ્ચતર પગારધોરણ અંગેની તમામ લાયકાત પરિપૂર્ણ કરતા હોવાથી નાણા વિભાગના તા.૧૬/૦૮/૧૯૯૪ના ઠરાવની અનુસૂચિ-૧ પ્રમાણે તા.૦૧/૦૧/૧૯૯૬ પહેલા પાત્રતા કેળવી હોય તેવા કિસ્સામાં ચોથા પગારપંચ પ્રમાણે ૧૬૪૦-૨૯૦૦ પાંચમા પગારપંચ પ્રમાણે રૂ.૫૫૦૦-૯૦૦૦/-, છઠ્ઠા પગારપંચ પ્રમાણે રૂ.૯૩૦૦-૩૪૮૦૦, ગ્રેડ-પે ૪૪૦૦ અને સાતમા પગારપંચ પ્રમાણે પે મેટ્રીક્સ રૂ.૩૯૯૦૦/-(લેવલ-૭) પ્રમાણે અને તા.૦૧/૦૧/૧૯૯૬ પછી પાત્રતા કેળવી હોય તેવા કિસ્સામાં ચોથા પગારપંચ પ્રમાણે ૧૬૪૦-૨૯૦૦ પાંચમા પગારપંચ પ્રમાણે રૂ.૫૦૦૦-૮૦૦૦/-, છઠ્ઠા પગારપંચ પ્રમાણે રૂ.૯૩૦૦-૩૪૮૦૦, ગ્રેડ-પે ૪૨૦૦ અને સાતમા પગારપંચ પ્રમાણે પે મેટ્રીક્સ રૂ.૩૫,૪૦૦/-(લેવલ-૬) પ્રમાણે પ્રથમ ઉચ્ચતર પગાર ધોરણ મંજુર કરવામાં આવે છે.

| ક્રમ | મુખ્ય સેવિકા / સીડીપીઓનું નામ | જિલ્લાનુ નામ | મુળ નિમણુકની તારીખ | પ્રથમ ઉ.પ.ધો.ની પાત્રતા તારીખ | પરીક્ષા પાસ કર્યા તારીખ તથા તક | રીમાર્કસ |
|---|---|---|---|---|---|---|
| ૧ | રીટાબેન છનાભાઇ પટેલ | વલસાડ | ૨૭-૦૪-૧૯૯૨ | ૩૦-૦૪-૨૦૦૧ | તા.૧૭/૦૫/૨૦૧૬ ત્રીજી | વંચાણે લીધા ક્ર: ૦૫ મુજબ |
| ૨ | સ્મિતાબેન નટવરલાલ રાવલ | નવસારી | ૦૨-૦૩-૧૯૮૫ | ૦૨-૦૩-૧૯૯૪ | તા.૨૮/૦૮/૨૦૦૧ પ્રથમ તક (જનરલ) | વંચાણે લીધા ક્ર: ૦૫ મુજબ |

૩ નીચે મુજબના ૦૨ તત્કાલીન મુખ્ય સેવિકાઓએ નિયત તકમાં ખાતાકીય પરીક્ષા પાસ કરેલ ન હોવાથી<u>ખાતાકીય પરીક્ષા પાસ કર્યા તારીખથી</u> પ્રથમ ઉ.પ.ધો. મંજૂર કરવામાં આવે છે:

| ક્રમ | મુખ્ય સેવિકા / સીડીપીઓનું નામ | જિલ્લાનું નામ | મુળ નિમણુકની તારીખ | પ્રથમ ઉ.પ.ધો.ની પાત્રતા તારીખ | પરીક્ષા પાસ કર્યા તારીખ તથા તક | રીમાર્કસ |
|---|---|---|---|---|---|---|
| ૧ | પ્રજ્ઞાબેન જગદીશભાઇ રાવલ | દેવભૂમિ દ્વારકા | ૧૧-૦૨-૧૯૯૨ | ૦૧-૦૩-૨૦૧૮ | તા.૦૧/૦૩/૨૦૧૮ છ તક (જનરલ) | વંચાણે લીધા ક્ર: ૦૫ મુજબ |
| ૨ | કમળાબેન લખાભાઇ પટેલ | સાબરકાંઠા | ૨૪-૧૨-૧૯૮૬ | ૦૬-૦૫-૨૦૧૭ | ૦૬/૦૫/૨૦૧૭ છ તક | વંચાણે લીધા ક્ર: ૦૫ મુજબ |

૪ નીચે મુજબના ૦૧ મુખ્ય સેવિકાને બાળ વિકાસ યોજના અધિકારીના ખાતાકીય પરિક્ષા નિયમો તા.૧૪-૦૧-૧૯૯૩ પેહલા નવ વર્ષ પૂર્ણ થયેલ હોવાથી નીચે દર્શાવેલ મુખ્ય સેવિકાને પ્રથમ ઉચ્ચતર પગાર ધોરણ મંજૂર કરવા અર્થે ખાતાકીય પરીક્ષાની જોગવાઇ લાગુ પડતી ન હોવાથી સેવાના ૦૯ વર્ષે પ્રથમ ઉ.પ.ધો. મંજૂર કરવામાં આવે છે:

| ક્રમ | મુખ્ય સેવિકા / સીડીપીઓનું નામ | જિલ્લાનું નામ | મુળ નિમણુકની તારીખ | પ્રથમ ઉ.પ.ધો.ની પાત્રતા તારીખ | પરીક્ષા પાસ કર્યા તારીખ તથા તક | રીમાર્કસ |
|---|---|---|---|---|---|---|

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| ૧ | મંગીબેન ગોરધનભાઇ વસાવા | નર્મદા | ૧૦-૦૩-૧૯૮૩ | ૧૨-૦૩-૧૯૯૨ | તા.૦૭/૦૮/૨૦૦૭ છ તક(એસ.ટી) | વંચાણે લીધા ક્ર: ૦૫ મુજબ |

૫ ઉક્ત અધિકારી / કર્મચારીઓનું પ્રથમ ઉચ્ચત્તર પગાર ધોરણ નીચેની શરતો મુજબ મંજુર કરવામાં આવે છે

1. ગુજરાત મુલ્કી સેવા (પગાર) નિયમો-૨૦૦૨ ના નિયમ-૧૧(૧) મુજબ ઉચ્ચત્તર પગાર બાંધણી કરવાની રહેશે.
2. નાણા વિભાગના તા.૦૫/૦૭/૧૯૯૧ તથા તા.૧૬/૮/૧૯૯૪ ના ઠરાવની જોગવાઇ મુજબના જરૂરી બાંહેધરી પત્રકો મેળવી લેવાના રહેશે. આ પગાર બાંધણી ઓડિટ ચકાસણીને આધીન રહેશે.
3. જે અધિકારી/કર્મચારીએ બિન પગારી રજાઓ ભોગવેલ હોય અને આ હુકમમાં એ રજાઓ બાદ કરેલ ન હોય એવા કિસ્સાઓમાં સંબંધિત કચેરીએ હુકમો કરતી વખતે આ બાબત ધ્યાને લઈને બિનપગારી રજાઓ પ્રથમ ઉ.પ.ધો.ની તારીખ માંથી બાદ કરવાની રહેશે. માત્ર બિનપગારી રજાઓની તારીખમાં વિસંગતાનું કારણ આપીને પ્રથમ ઉ.પ.ધો. આપવામાં બિનજરૂરી વિલંબ કરી શકાશે નહિ.

આ હુકમ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર મળેલ સચિવશ્રીની મંજુરી અન્વયે બહાર પાડવામાં આવે છે

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(કૃણાલ હિંગુ)

સેક્શન અધિકારી

મહિલા અને બાળ વિકાસ વિભાગ

પ્રતિ

1. કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરી, ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
2. નિયામકશ્રી (આઇસીડીએસ), કમિશ્નરશ્રી મહિલા અને બાળ વિકાસની કચેરી, ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
3. સંબંધિત મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, મ્યુનિસિપલ કોર્પોરેશન, જિ.વલસાડ,નવસારી, સાબરકાંઠા,દેવભૂમિ દ્વારકા, નર્મદા
4. સબંધિત જિલ્લા વિકાસ અધિકારીશ્રી, જિલ્લા પંચાયત, જિ. વલસાડ, નવસારી, સાબરકાંઠા, દેવભૂમિ દ્વારકા, નર્મદા
5. નાયબ નિયામકશ્રીની વિભાગીય કચેરી, અમદાવાદ, વડોદરા, સુરત, રાજકોટ.
6. સબંધિત પ્રોગ્રામ અધિકારીશ્રી, જિલ્લા પંચાયત, જિ. વલસાડ, નવસારી, સાબરકાંઠા, દેવભૂમિ દ્વારકા, નર્મદા
7. પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
8. સંયુક્ત નિયામકશ્રી, હિસાબ અને તિજોરી નિયામકશ્રીની કચેરી, વિમા અને લેખા ભવન, ૧૭-ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
9. નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર.
10. સબંધિત જિલ્લા તિજોરી અધિકારીશ્રી, જિ. વલસાડ, નવસારી, સાબરકાંઠા, દેવભૂમિ દ્વારકા, નર્મદા
11. સબંધિત અધિકારી/કર્મચારીઓ. (મારફત સંબંધિત પ્રોગ્રામ અધિકારીશ્રી)